ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૪૭/૧૮–૧૯/ 381 તારીખ ... JAN ...

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૪૭/૧૮–૧૯

પ્રતિ,
શ્રી મનુભાઈ બાબુભાઈ બારૈયા,
પ્લોટ નં.એફ/૨–એ, રૂવાપરી રોડ,
રૂખડીયા હનુમાનજી મંદિરની બાજુમાં,
ભાવનગર.
**મો.નં. ૯૪૨૬૯ ૧૪૪૭૦.**

**વિષય : ફોલ્ટી મીટરનું બીલ આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૬/૧૧/૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪૭/૧૮–૧૯/૫૪૫૫ તા.૦૫/૧૨/૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪૭/૧૮–૧૯/૫૪૮૬ તા.૦૬/૧૨/૧૮.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪૭/૧૮–૧૯/૫૭૭૭ તા.૨૪/૧૨/૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ <u>તા.૦૭/૦૧/૨૦૧૮</u> નાં રોજ રૂબરૂ રજુઆત માટે હાજર રહેવા માટે જણાવેલ, જેમાં તમો હાજર રહેલ નથી. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **શહેર–૧ ભાવનગર** .

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**<u>નકલ રવાના:</u>–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ખારગેટ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

## (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર - ૧૪૭/૧૮-૧૯** ☜

વાદી :- શ્રી મનુભાઈ બાબુભાઈ બારૈયા

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :- પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ**:- ૦૭.૦૧.૨૦૧૯ ◈

હાજર રહયા :- ગેરહાજર

પ્રતિવાદી :- શ્રી ટી. એમ. પંડયા, કાર્યપાલક ઈજનેર, શહેર-૧ વિભાગીય કચેરી, ભાવનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી મનુભાઈ બાબુભાઈ બારૈયા, મુ.ભાવનગરની ફોલ્ટી મીટરનું બીલ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૪૭/૧૮-૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૪૭/૧૮-૧૯/૫૪૫૫ તા.૦૫.૧૨.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૭.૦૧.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી હાજર રહેલ નથી તથા પ્રતિવાદી શ્રી ટી. એમ. પંડયા, કાર્યપાલક ઈજનેર, શહેર-૧ વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:- ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ તા.૧૫/૦૧/૧૭ થી તા.૧૧/૦૮/૧૭ ના સમયગાળામાં મંદીને કારણે અને અમારી આર્થિક ભીડને કારણે અમે આ યુનિટ ચલાવી શકતો ન હતાં અને તેથી યુનિટનો વીજવપરાશ બંધ રાખેલ હતો. આ સમયગાળા દરમ્યાન તા.૦૩/૦૬/૧૭ ના રોજ વાયરીગમાં શોર્ટ – સર્કીટ (ફોલ્ટ) ને કારણે અમારા આ યુનીટનું જુનુ વીજ મીટર બળી ગયેલ હતું અને તેથી અમે તરત જ ફોલ્ટ સેન્ટરમાં પાવર સપ્લાય અંગેની ફરીયાદ પણ નોંધાવેલ હતી અને તેથી ફોલ્ટ સેન્ટરનાં સ્ટાફે આવીને ટેમ્પરરી વીજ પુરવઠો બંધ કરી દીધો હતો અને તેની જાણ નાયબ ઈજનેરશ્રી, ખારગેટને કરેલ હતી. તેથી તા.૦૫/૦૬/૧૭ ના રોજ નાયબ ઈજનેરશ્રીએ સ્થળ પર આવી અમારૂ વીજજોડાણ ચેક

P.G.V.C.L Bhavnagar. Consumer Grievance Redressal Forum

કરી ચેકીંગ શીટ નં. બીવીએનસી/૧૩૧૭૦ ભરેલ હતી. આ ચેકીંગ શીટમાં પણ ફોલ્ટ સેન્ટરની કમ્પ્લેઈનની વીગતો તેઓશ્રીએ નોંધેલ છે. તથા સ્થળ પરથી આ જુનુ બળેલ મીટર તેઓએ લેબોરેટરી પરીક્ષણ માટે કબ્જે લઈને નવું મીટર ફીટ કરીને વીજ પુરવઠો યથાવત ચાલુ કરી આપેલ હતો.

૧.૨ ત્યારબાદ આ મીટરને લેબોરેટરીમાં લઈ જઈ તેનું વિગતવાર લેબોરેટરી પરીક્ષણ કરાવીને લેબોરેટરી પરીક્ષણ રીપોર્ટ નં.૧૦૪૯૮ તા.૦૭/૦૬/૧૭ ની નકલ અમોને આપેલી હતી. આ લેબોરેટરી રીપોર્ટમાં પણ અમારૂ મીટર બળેલ હોવાનું કન્ફોર્મ કરેલું છે. ચેકીંગ દરમ્યાન કે લેબોરેટરીમાં પરીક્ષણ રીપોર્ટમાં કયાંય અમારૂ આ જુનુ મીટર બંધ હોવાની કોઈ નોંધ નથી. તેમ છતાં લેબોરેટરી પરીક્ષણ તા.૦૭/૦૬/૧૭ પછી આશરે ૧૦ મહીના પછી (આશરે ૩૦૦ દિવસ પછી) ઓડીટ પેરાના નામે અમારૂ આ મીટર બંધ હતું અને તેવી છેલ્લા ત્રણ બીલો '૦' યુનીટનાં આપેલા હતાં તેને માટે એવરેજ વીજ વપરાશ ગણતરી કરીને આ પુરવણી બીલ પત્ર નં.૭૯૨, તા.૧૩/૦૪/૧૮ અમોને મોકલેલ હતું. તેથી આ બીલ રદ કરવા માટે અમે જે પ્રથમ અરજી આપેલી તેને ખારગેટ સ.ડી. દવારા ઈન્વર્ડ નં.૩૪૯ તા.૨૫/૦૪/૧૮ આપેલ હતો, જેની નકલ આ ફરીયાદ સાથે સામેલ રાખેલ છે.

૧.૩ ત્યારબાદ આ બીલ રદ ન કરતાં અમે ફરીથી તા.૨૨/૧૦/૧૮ ના રોજ બીજી એક અરજી નાયબ ઈજનેરશ્રી ખારગેટ સ.ડી.ને આપેલ હતી, તેનો ઈન્વર્ડ નં.૯૬૫ તા.૨૨/૧૦/૧૮ આપી ખારગેટ સ.ડી.એ સ્વીકારેલ હતી. આ અરજીમાં અમે દર્શાવેલ કે જો અમોને આપેલ ખોટું પુરવણી બીલ રદ કરવામાં નહી આવે તો અમારે ફરીયાદ નિવારણ ફોરમમાં ફરીયાદ કરવી પડશે. ત્યારબાદ તા.૨૨/૧૧/૧૮ ના રોજ ખારગેટ સ.ડી. નો લાઈન સ્ટાફ અમારા યુનીટ પર આ પુરવણી બીલનાં પૈસાની ઉઘરાણી માટે આવેલ હોવાથી ફરીથી અમે બીલ રદ કરવા રજુઆત કરતાં નાયબ ઈજનેરશ્રી એ આ પુરવણી બીલ રદ કરવાની ના પાડેલ હોવાથી ફરીયાદ નિવારણ ફોરમને આ ફરીયાદ દાખલ કરવા માટે મોકલીએ છીએ તથા આ પુરવણી બીલ બાબતે ફોરમમાં નિર્ણય પહેલા અમારૂ વીજજોડાણ કાપે નહી કે બીજી કોઈ હેરાનગતી કરે નહી તેવો સત્વરે હુકમ કરવા વિનંતી કરીએ છીએ.

૧.૪ અમારા આ વીજજોડાણ માટે અમોને આપેલ પી.આર.ટી.–૧૪૫ કન્ઝયુમરમાં દર્શાવ્યા મુજબ આ વીજ વપરાશ બંધ હોવાના સમયગાળા દરમ્યાન પ્રથમ બીલ અમોને તા.૧૮/૦૧/૧૭ ના રોજ આપેલ હતું અને તેમાં મીટરના છેલ્લા રીડીંગ ૧૪૬૬૭ દર્શાવેલ હતાં. ત્યારપછી અમોને "૦" યુનીટ વપરાશના કુલ છ બીલો આપેલ હતાં. જેમાં પ્રથમ ત્રણ બીલો અનુક્રમુ માર્ચ–૧૭, એપ્રિલ–૧૭ અને મે–૧૭ માટે અને જુના મીટર માટે આપેલ હતાં. ત્યારપછી તા.૦૫/૦૬/૧૭ ના રોજ બળેલ મીટર બદલી જતાં નવા ફીટ કરેલ મીટરમાં પણ વીજવપરાશ ન હોવાથી ત્રણ બીલો '૦' યુનીટ વપરાશ દર્શાવીને આપેલ હતાં, જે અનુક્રમે (૧) તા.૨૦/૦૬/૧૭, (૨) તા.૧૪/૦૭/૧૭ અને (૩) તા.૧૧/૦૮/૧૭ ના રોજ આપેલ હતાં. ત્યારપછી નવા ફીટ કરેલ મીટરમાં આજની તારીખ સુધી વીજ વપરાશ બરોબર નોંધાયેલ છે અને તે મુજબ દર મહીને વપરાશના બીલો આપેલ છે.

૧.૫ જે મીટર બળી જવાથી પીજીવીસીએલના લાઈન સ્ટાફે પાવર સપ્લાય બંધ કરેલો હોય અને નાયબ ઈજનેરે નવું મીટર ફીટ કરી, જુનુ બળેલુ મીટર લેબોરેટરી પરીક્ષણ માટે તા.૦૫/૦૬/૧૭ ના રોજ કબ્જે લીધેલ હતું અને તૈયાર કરેલ ચેકીંગ શીટ નં.૧૩૧૭૦ માં આ મીટર બળેલું હોવાની જ નોંધ કરેલી છે. કોઈ જગ્યાએ આ મીટર બંધ હોવાનું

P.G.V.C.L. Bhavnagar. Forum

નોંધેલ નથી. ત્યારપછી લેબોરેટરીએ તેના પરીક્ષણ રીપોર્ટ નં.૧૦૪૯૮ તા.૧૭/૦૬/૧૭ માં પણ લેબોરેટરીએ આ મીટર બળેલું હોવાનું જ નોંધેલ છે. ક્યાંય આ મીટર બંધ હોવાનું નોંધેલ નથી. તેમ છતાં આ મીટરમાં લેબોરેટરી પરીક્ષણ પછી આશરે ૧૦ મહીના (૩૦૦ દિવસ) પછી અમોને આ મીટર માટે મળેલ '0' યુનીટનાં છેલ્લા ત્રણ બીલો માટે સરેરાશ માટેનું પુરવણી બીલ મોકલાવેલ છે. તે એવું ધારીને (કલ્પના કરીને) મોકલાવેલ કે આ મીટર બંધ હશે જ, અમોને આપેલ '0' યુનીટના બીલો પીજીવીસીએલનાં મીટર રીડરે જ આપેલ હતાં. જો તેઓએ આ બીલો ખોટા આપેલ હતાં તે આ માસીક બીલો આપનાર મીટર રીડરોને પણ ખોટું કરવા માટે સજા કરી હશે, તેવું હોય તો તે અંગેના તમામ દસ્તાવેજોની નકલો અમને આપવા માટે હુકમ કરવા વિનંતી છે. અને જો કોઈપણ મીટર રીડર ને '0' યુનીટનાં બીલો આપવા માટે કોઈપણ સજા કરેલી ન હોય તો સાબીત થાય છે કે આ ઓડીટ પારો ખોટો છે અને અમને આપેલ આ પુરવણી બીલ ખોટું છે અને તેથી રદ કરવા હુકમ કરવા નમ્ર વિનંતી છે.

૧.૬ પીજીવીસીએલ ખાતે સબ ડીવીઝન દવારા પુરવણી બીલની રકમ પુરેપુરી ભરપાઈ કરવાનું જણાવતા કનેકશન કાપી નાખવાની બીક લાગતા અમોએ પુરવણી બીલની રકમ પુરેપુરી રૂ.૩૧૦૫૩/– પહોંચ નં.૧૪૧૨૨૯ તા.૨૭/૧૧/૧૮ થી ભરપાઈ કરેલ છે.

☞ **<u>વાદીશ્રી દવારા તા.૦૩/૦૧/૧૯ ના રોજ મોકલેલ લેખિત રજુઆત છે કે:–</u>**

૧.૭ અમોને અમારા વીજજોડાણ પરના જુના મીટરમાં સ્પાર્કીંગ થતું હોવાથી અમે તા.૦૩/૦૬/૧૭ ના રોજ રૂવાપરી ફોલ્ટ સેન્ટર ખાતે ટેલીફોનથી ફરીયાદ નોંધાવેલ હતી અને અમારી વાત સાચી હોવાથી રૂવાપરી ફોલ્ટ સેન્ટરના સ્ટાફ દવારા અમારા મીટરમાં સ્પાર્કીંગ થતું હોવાથી થાંભલા પરથી કેબલ કાપીને અમારા વીજમીટરમાં જતો પાવર બંધ કરેલ હતો.

૧.૮ ત્યારપછી તા.૦૫/૦૬/૧૭ ના રોજ નાયબ ઈજનેરશ્રી, ખારગેટ સબ ડીવીઝન દવારા અમારૂ વીજજોડાણ ચેક કરી, ચેકીંગ શીટ નં.BVNC/૧૩૧૭૦ ભરી, અમારૂ આ બળેલ મીટર કબ્જે લીધેલ હતું. આ ચેકીંગ શીટની નકલ અમારી ફરીયાદ સાથે અગાઉ આપ સાહેબને મોકલેલ છે.

૧.૯ અમારા આ બળેલ મીટરને તા.૦૭/૦૬/૧૭ ના રોજ લેબોરેટરીમાં ચકાસણી કરતા આ મીટર સંપુર્ણપણે બળેલ હોવાનું લેબોરેટરીએ જાહેર કરેલ હતું અને તે લેબોરેટરી પરીક્ષણ રીપોર્ટ નં.૧૦૪૯૮ તા.૦૭/૦૬/૧૭ માં નોંધેલ છે. આ પરીક્ષણ રીપોર્ટમાં બળેલ મીટરની એક્યુરસીનું ટેસ્ટીંગ કર્યાની કોઈ નોંધ કરેલ નથી. તથા આ બળેલ મીટરને સ્થળ પરથી કબ્જે લેતી વખતે તેની એક્યુરસી ટેસ્ટ કર્યાની કોઈ નોંધ ચેકીંગ શીટ નં.૧૩૧૭૦ તા.૦૫/૦૬/૧૭ માં પણ કરેલ નથી. આ લેબોરેટરી પરીક્ષણ રીપોર્ટ નં.૧૦૪૯૮ તા.૦૭/૦૬/૧૭ ની નકલ અગાઉ અમારી ફરીયાદ સાથે આપની કચેરીને મોકલેલ છે.

૧.૧૦ નામદાર GERC ના સપ્લાય કોડ અને રીલેટેડ મેટર્સ રેગ્યુલેશનના નોટીફીકેશન નં.૧૧/૨૦૦૫ દવારા ઘડેલ વીજ વિતરણ બાબતના વિવિધ કાયદા મુજબ તેના સેકશન ૬:૧:૮ મુજબ

<u>6.1.8</u> In the event of the meter being tested by the Distribution Licensee. Either on his own or upon a request by a consumer and being found to be beyond the limits of accuracy as

P.G.V.C.L.
Bhavnagar.

prescribed in the Rules in force. The amount of the bill for a period of three months immediately preceding the date of inspection of the meter in case of domestic and agricultural services and for a period of six months immediately preceding the date of inspection of the meter for all other categories of services. Shall be estimated in accordance with the result of the test.

આ સેકશન ૬.૧.૮ ની જોગવાઈ મુજબ અમારા મીટરનો એકયુરેસી ટેસ્ટ કર્યા પછી જો મીટરની એકયુરેસી પ્રિસ્ક્રાઈબ્ડ લીમીટ કરતાં વધારે હોય તો જ એવરેજ બીલ આપી શકાય. અમારા કેસમાં સ્થળ પર મીટર કબ્જે લેતી વખતે ચેકીગ અધિકારીએ કોઈ એકયુરેસી ટેસ્ટ લીધેલ ન હતો તથા લેબોરેટરીમાં પરીક્ષણ વખતે પણ આ બળેલ મીટરનો કોઈ એકયુરેસી ટેસ્ટ લીધેલ ન હતો. તેથી અમારૂ મીટર બંધ હતું કે ડીફેકટીવ હતું કે ધીમું ફરતું હતું તેવી કોઈ જ નકકી થયેલ ન હોવાથી આ કેસ માટે છેલ્લા વીજબીલ સરેરાશ વપરાશ પ્રમાણે અમોને એવરેજ બીલ ગણતરી કરીને આપી શકાય નહી.

૧.૧૧ આ જ સપ્લાય કોડના સેકશન ૬.૧.૧૧ મુજબ

6.1.11 where the meter ceses to register consumption (stop meter) or is otherwise defective (and the degree of inaccuracy in its measurement is unknwon). The amount of the bill shall be estimated as specified in the clause 6.1.8 above on the basis of average consumption. The average consumption shall be calculated based on the figures for the preceding two or three billing cycles, when the meter was correctly / properly registring.

એટલે કે, મીટર બંધ કે ડીફેકટીવ જાહેર થયેલ હોય તેવા કેસો માટે જ સરેરાશ વપરાશ મુજબ એવરેજ પુરવણી બીલ આપી શકાય. જે અમારા કેસમાં મીટર બંધ કે ડીફેકટીવ જાહેર થયેલ નથી અને બળેલ મીટર માટે આવી કોઈ જોગવાઈ ન હોવાથી અમોને પુરવણી બીલ આપી શકાય નહી. કારણકે અમારા મીટરમાં સ્પાર્કીગ શરૂ થતાં અમારો વીજપુરવઠો તા.૦૩/૦૬/૧૮ ના રોજ કાપી નાખેલ હતો, તે તા.૦૫/૦૬/૧૭ ના રોજ નાયબ ઈજનેરશ્રીએ નવું મીટર ફીટ કરીને વીજપુરવઠો ચાલુ કરેલ હતો. નામદાર GERC નાં સપ્લાય કોડના સેકશન ૬.૧.૮ અને ૬.૧.૧૧ દર્શાવતા પેજની નકલો આ અરજી સાથે બીડેલ છે.

૧.૧૩ અમારૂ આ મીટર અમારી સ્પાર્કીગની કમ્પ્લેન તા.૦૩/૦૬/૧૭ પહેલા છ મહીના પહેલાથી બળેલ હતું અને બંધ હતું તેવું કયારેય પીજીવીસીએલ દવારા નકકી થયેલ નથી. વળી અમારી આ ફરીયાદ પછી નાયબ ઈજનેરશ્રી, ખારગેટ સ.ડી. ના પત્ર નં.૩૭૨૫ તા.૧૭/૧૨/૧૮ મુજબ અમે ઉપર દર્શાવેલ તમામ બાબતો સાચી હોવાનું કન્ફરમેશન મળેલ છે. આ પત્રની એક નકલ પણ આ અરજી સાથે બીડેલ છે.

૧.૧૪ અમોએ અમારૂ વીજજોડાણ પુરવણી બીલના પૈસા ન ભર્યાથી કપાઈ જશે તેવી બીકને કારણે અમે તા.૨૭/૧૧/૧૮ ના રોજ વાંધા સાથે આ રકમ રૂા.૩૧૦૫૩/– ભરપાઈ કરી આપેલ હતાં, જેનો પહોંચ નં.૧૪૧૨૨૯ છે. જેની નકલ આ અરજી સાથે બીડેલ છે. આ રકમ અમોને પરત આપવા હુકમ કરવા અમારી નમ્ર વિનંતી છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

ખાસ સવિનય જણાવવાનું કે મારા ધંધાના કામે મારે અવારનવાર બહાર ગામ જવું જ પડે છે અને આ કેસની મુદતની તા.૦૭/૦૧/૧૯ ના રોજ પણ મારે બહારગામ જવાનું હોવાથી હું હીયરીગમાં હાજર રહી શકીશ નહી, તેથી મારી આ લેખિત રજુઆત ધ્યાન પર લઈ કેસનો નિર્ણય આપવા વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ ખારગેટ સબ ડીવીઝનના ગ્રાહક શ્રી મનુભાઈ બાબુભાઈ બારૈયા, પ્લોટ નં.એફ–૨, રૂવાપરી રોડ, રૂખડીયા હનુમાન મંદિરની બાજુમાં, મુ.ભાવનગર ની ગ્રાહક નં.૩૦૨૦૧/૫૬૯૩૨/૯ ના કનેકશનમાં આપવામાં આવેલ બળેલ મીટરને બંધ મીટર ગણી એવરેજ પુરવણી બીલ બાબતની ફરીયાદ મળેલ છે. નીચે મુજબની ગ્રાહકની રજુઆત છે અને ગ્રાહકનો ટુંકો ઈતિહાસ તથા કોમ્પ્લાય્ન્સના મુદ્દા નીચે મુજબ છેઃ–

| ક્રમ | વિગત | વર્ણન | રીમાર્કર્સ |
|---|---|---|---|
| ૧ | ગ્રાહકનું નામઃ– શ્રી મનુભાઈ બાબુભાઈ બારૈયા, પ્લોટ નં.એફ–૨, રૂવાપરી રોડ, રૂખડીયા હનુમાન મંદિરની બાજુમાં, મુ. ભાવનગર | ગ્રાહક નં. ૩૦૨૦૧/૫૬૯૩૨/૯ (ખારગેટ સબ ડીવીઝન) | (ચાલુ ઈન્ડસ્ટ્રીયલ કને.) ૨૦ એચ.પી. |

૨.૨ પ્રાસંગિક મુદ્દા નીચે મુજબ છેઃ–

| ક્રમ | ગ્રાહકશ્રી દવારા થયેલ ફરીયાદના મુદ્દા | ડીવીઝનની રજુઆત |
|---|---|---|
| ૧ | શ્રી મનુભાઈ બાબુભાઈ બારૈયા, પ્લોટ નં.એફ–૨, રૂવાપરી રોડ, રૂખડીયા હનુમાન મંદિરની બાજુમાં, મુ. ભાવનગર દવારા બળેલ મીટરને બંધ ગણી ખોટું પુરવણી બીલ આપવા બાબતની ફરીયાદ તા.૨૪/૦૪/૧૮ ના રોજ કરવામાં આવેલ. | ખારગેટ સબ ડીવીઝન ખાતેના ગ્રાહક નં.૩૦૨૦૧/૫૬૯૩૨/૯, ગ્રાહકનું નામઃ– શ્રી મનુભાઈ બાબુભાઈ બારૈયા, પ્લોટ નં.એફ–૨, રૂવાપરી રોડ, રૂખડીયા હનુમાન મંદિરની બાજુમાં, મુ. ભાવનગર દવારા બળેલ મીટરને બંધ ગણી ખોટું પુરવણી બીલ આપવા બાબતની ફરીયાદ તા.૨૪/૦૪/૧૮ ના રોજ કરવામાં આવેલ. સદર ફરીયાદ બાબતે રજુઆત છે કે ગ્રાહકશ્રી દવારા તેમના મીટરમાં સ્પાર્કીગ તા.૦૩/૦૬/૧૭ ના રોજ વાયરીગમાં થયેલ શોર્ટ સર્કીટને કારણે વીજમીટર બળી ગયેલની ફરીયાદના આધારે ખારગેટ ફોલ્ટ સેન્ટરથી પાવર સપ્લાય ટેમ્પરરી બંધ કરવામાં આવેલ અને તા.૦૫/૦૬/૧૭ ના રોજ ખારગેટના ના.ઈ.શ્રી તરફથી ચેકીગ શીટ નં.બીવીએનસી/ ૧૩૧૭૦ તા.૦૫/૦૬/૧૭ થી અને ફોલ્ટ સેન્ટરની વિગત મેળવીને નોંધણી કરવામાં આવેલ. ત્યારબાદ મીટરને લેબ પરીક્ષણ અર્થે લાવવામાં આવેલ. તા.૦૭/૦૬/૧૭ ના રોજ સદર મીટરનું લેબ પરીક્ષણ કરવામાં આવેલ અને ગ્રાહકશ્રીને નકલ આપવામાં આવેલ. ચેકીગ શીટ મુજબ લોડ જોડેલ ન હતો અને લેબ પરીક્ષણમાં પણ લોડ તથા અન્ય અન ઓથોરાઈઝડ લોડ |

P.G.V.C.L. ...nagar.

| | | |
|---|---|---|
| | | મળેલ ન હતો. બળેલ મીટરનો ચાર્જ વસુલ કરવા તેમજ એમ.આર.આઈ. મળી શકે તેમ નથી. સદર કેસમાં મીટર ચેન્જ પછી પણ ૦ યુનિટ ના બીલ આપવામાં આવેલ છે અને છેલ્લા યુનિટ ૧૪૬૬૭ સુધીના બીલ ઈસ્યુ કરેલ છે. જુન–૧૭ માં મીટર ચેન્જ કરવામાં આવેલ છે, તે પહેલા પણ માર્ચ–૧૭ થી જુન–૧૭ અને પછી પણ જુલાઈ અને ઓગસ્ટ–૧૭ ના બીલ ૦ ઈસ્યુ થયેલ છે. ત્યારબાદ સદર સ્થળ પર કન્ઝમ્પશન આવેલ છે. આ સાથે પી.આર.ટી. ૧૪૫ જોડેલ છે. |
| ૨ | ગ્રાહકશ્રી દવારા તેમને આપવામાં આવેલ બીલ રદ કરવા અંગે ફરીયાદ શ્રી સી.જી.આર.એફ. માં કરેલ તા.૨૬/૧૧/૧૮ | સદર બાબતે જણાવવાનું કે, સપ્ટેમ્બર–૧૭ પછીનાં બીલમાં કન્ઝમ્પશન મુજબ બીલ આપવામાં આવેલ છે. ખારગેટ સબ ડીવીઝન ખાતે ઈન્ટરનલ ઓડીટ આવતાં સદર ગ્રાહકશ્રીના બી.એમ.સી. રીપોર્ટ અન્વયે ગ્રાહકશ્રીને એવરેજ બીલ ઈસ્યુ કરવાના રીપોર્ટના અનુસંધાનમાં ગ્રાહકશ્રીને અનુ. ખારગેટ/રેવ/૭૯૨ તા.૧૩/૦૪/૧૮ થી ૪૪૦૪ યુનિટ નું રૂા.૩૧૦૫૨.૬૦ પૈસા નું બીલ ઈસ્યુ કરવામાં આવેલ. ગ્રાહકશ્રી દવારા સદર બીલ તા.૨૭/૧૧/૧૮ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ. |
| ૩ | ગ્રાહકશ્રી દવારા સદર બાબતે પુરવણી બીલની ભરપાઈ કરતાં તા.૨૬/૧૧/૧૮ ના રોજ ફરીયાદ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમમાં કેસ નં.૧૪૭/૧૮–૧૯ થી ફરીયાદ દાખલ થયેલ. | સબ ડીવીઝન દવારા સદર બાબતે પત્ર નં. ખારગેટ/ રેવ/૩૭૨૫ તા.૧૭/૧૨/૧૮ થી જવાબ આપવામાં આવેલ. સદર કેસની આગામી મુદત તા.૦૭/૦૧/૨૦૧૯ છે. |

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર મનુભાઈ બાબુભાઈ બારૈયા શહેર ભાવનગરમાં ૨૦ K.W. નું NRGP કેટેગરી હેઠળ ગ્રાહક નં.૩૦૨૦૧/૫૬૯૩૨/૯ થી ઔદ્યોગિક વીજજોડાણ ધરાવે છે.

૩.૨ વાદી અરજદારે તા.૩૦/૧૧/૨૦૧૮ ના રોજ તેઓને આપવામાં આવેલ એવરેજ યુનીટનાં વીજબીલ અંગે ફોરમને લેખિત રજુઆત કરેલ છે અને રજુઆત સાથે સંલગ્ન દસ્તાવેજ જોડેલ છે.

૩.૩ વાદી અરજદારે તા.૦૩/૦૧/૧૯ ના રોજ ફોરમને બીજી વખત લેખિત રજુઆત કરેલ છે અને ખાસ નોંધમાં અરજદારે જણાવેલ છે કે તેઓ કેસની મુદત તા.૦૭/૦૧/૨૦૧૯ ના રોજ હાજર રહી શકે તેમ ન હોઈ, તેની લેખિત રજુઆતને ધ્યાન પર લઈ કેસનો નિર્ણય કરવો.

૩.૪ વાદી અરજદારને પ્રતિવાદી તરફથી તા.૧૩/૦૪/૧૮ ના રોજ તેના વીજસ્થાપનનું એવરેજ બીલ રૂા.૩૧૦૫૩/– નું આપવામાં આવેલ, જે અંગે વાદીએ ફોરમને રજુઆત કરેલ છે.

૩.૫ તા.૦૩/૦૬/૧૭ ના રોજ વાદીનાં વીજ સ્થાપનનાં [illegible]રીગમાં શોર્ટ સર્કીટ ને કારણે મીટરમાં સ્પાર્ક

P.G.V.C.L ...nagar

થવાથી વાદીએ પ્રતિવાદીની કચેરીમાં ફોલ્ટની નોંધણી કરાવેલ, જેથી પ્રતિવાદીનાં સ્ટાફે સ્થળ પર જઈ વાદીનાં વીજ પુરવઠો હંગામી ધોરણે કાપી નાખેલ.

૩.૬ તા.૦૫/૦૬/૧૭ ના રોજ પ્રતિવાદીનો ચેકીંગ સ્ટાફએ વાદીનાં વીજ સ્થાપન પર ચેકીંગ અંગે ચેકીંગશીટ નં. બીવીએનસી/૨૦૧૬ તા.૦૫/૦૭/૧૭ ભરેલ અને તેમાં વીજ સ્થાપન પર લાગેલ મીટર તેમજ બીજી સંલગ્ન બાબતોની નોંધ કરેલ. વીજ સ્થાપનનાં ચેકીંગ દરમ્યાન વાદીનાં જોડાણ પર લાગેલ મીટર સંપુર્ણપણે બળેલ જોવા મળેલ, તેથી વાદીનું બળેલ મીટર ઉતારી અને લેબ પરીક્ષણ માટે કબ્જે કરેલ તેમજ વાદીનાં વીજ સ્થાપન પર નવું મીટર લગાડી વાદીનો વીજ પુરવઠો ચાલુ કરી આપેલ.

૩.૭ તા.૦૫/૦૬/૧૭ ના રોજ વાદીનાં વીજ સ્થાપનનાં બળેલ મીટરનાં લેબ પરીક્ષણ દરમ્યાન ચકાસતાં મીટરના ટર્મીનલ બ્લોક તથા મીટર સંપુર્ણપણે બળી ગયેલ માલુમ પડેલ. મીટરના રીડીંગ તેમજ એમ.આર.આઈ. લઈ શકાય તેમ ન હતાં.

૩.૮ તા.૦૫/૦૬/૧૭ ના રોજ પ્રતિવાદી દવારા વાદીનાં વીજ સ્થાપન માટેની ભરવામાં આવેલ ચેકીંગશીટમાં નોંધ કરવામાં આવેલ કે "જોડાણવાળી પ્રીમાઈસીસમાં હાલ દોઢ મહીનાથી વીજવપરાશ (ભાડુઆતે ખાલી કરેલ હોવાથી) બંધ છે." આ ચેકીંગ શીટમાં ગ્રાહક (વાદી) નાં પ્રતિનીધીની સહી છે.

૩.૯ પ્રતિવાદીની ઓડીટ ટીમ દવારા વાદીને ડીસે.–૧૬, જાન્યુ.–૧૭ અને ફેબ્રુ.–૧૭ માસનાં એવરેજ યુનિટ ૪૪૦૪ નું પુરવણી બીલ વાદીને આપવા માટે જણાવતાં પ્રતિવાદીએ વાદીને તા.૧૩/૦૪/૧૮ ના રોજ ૪૪૦૪ યુનિટનું એવરેજ બીલ રૂા.૩૧૦૫૨.૬૦ નું આપવામાં આવેલ.

૪.૦ વાદીનાં વીજજોડાણની વીજ વપરાશ જોતાં નીચે મુજબ છેઃ–

| **ક્રમ નં.** | **બીલીંગ પીરીયડ** | **બીલની તારીખ** | **વપરાશ/ યુનિટ** |
|---|---|---|---|
| ૧. | જુલાઈ બીલ્ડ ઈન ઓગસ્ટ–૧૬ | ૧૭.૦૭.૧૬ | ૧૧૫૦ |
| ૨. | ઓગસ્ટ બીલ્ડ ઈન સપ્ટેમ્બર–૧૬ | ૧૧.૦૮.૧૬ | ૧૩૨૦ |
| ૩. | સપ્ટેમ્બર બીલ્ડ ઈન ઓકટોબર–૧૬ | ૧૭.૦૯.૧૬ | ૨૦૯૦ |
| ૪. | ઓકટોબર બીલ્ડ ઈન નવેમ્બર–૧૬ | ૧૫.૧૦.૧૬ | ૧૪૯૫ |
| ૫. | નવેમ્બર બીલ્ડ ઈન ડીસેમ્બર–૧૬ | ૧૫.૧૧.૧૬ | ૧૪૬૦ |
| ૬. | ડીસેમ્બર બીલ્ડ ઈન જાન્યુઆરી–૧૭ | ૧૨.૧૨.૧૬ | ૧૩૭૦ |
| ૭. | જાન્યુઆરી બીલ્ડ ઈન ફેબ્રુઆરી–૧૭ | ૧૮.૦૧.૧૭ | ૧૬૯૪ |
| ૮. | ફેબ્રુઆરી બીલ્ડ ઈન માર્ચ–૧૭ | ૧૪.૦૨.૧૭ | ૧૩૪૦ |
| ૯. | માર્ચ બીલ્ડ ઈન એપ્રિલ–૧૭ | ૧૪.૦૩.૧૭ | ૦ |
| ૧૦. | એપ્રિલ બીલ્ડ ઈન મે–૧૭ | ૧૮.૦૪.૧૭ | ૦ |
| ૧૧. | મે બીલ્ડ ઈન જુન–૧૭ | ૨૦.૦૫.૧૭ | ૦ |
| ૧૨. | જુન બીલ્ડ ઈન જુલાઈ–૧૭ | ૨૦.૦૬.૧૭ | ૦ |

વાદીનો વીજ વપરાશ જોતાં તેવું જણાય છે કે વાદીનું વીજ સ્થાપન જુલાઈ–૧૬ થી ફેબ્રુ.(૧૪.૦૨.૧૭) સુધી વીજ વપરાશ ચાલુ હતી અને વાદી તેના વીજજોડાણનો ઉપયોગ કરતાં હતાં. માર્ચ, એપ્રિલ, મે–૧૭ અને તા.૦૩/૦૬/૧૭ સુધી વાદીનાં વીજ સ્થાપન પરનાં વીજ વપરાશ મીટરમાં શુન્ય '૦' ની નોંધ થયેલ છે. પ્રતિવાદી દવારા વાદીને ડીસે.–૧૬ બીલ્ડ ઈન જાન્યુ.–૧૭ થી ફેબ્રુ.–૧૭ બીલ્ડ ઈન માર્ચ–૧૭ (તા.૧૪.૦૨.૧૭) ના સમયનું એટલે કે ૩ માસનું કુલ વપરાશ ૪૪૦૪ યુનિટ પરથી એવરેજ

યુનિટ નો આધાર લઈ વાદીને માર્ચ–૧૭, એપ્રિલ–૧૭, મે–૧૭ અને તા.૦૩/૦૬/૧૭ સુધીનું એમ ૩ માસની ૪૪૦૪ યુનિટની એવરેજ વપરાશનું પુરવણી બીલ આપવામાં આવેલ છે.

૪.૧ તા.૦૫/૦૬/૧૭ ના વીજ સ્થાપનનાં ચેકીંગ દરમ્યાન પ્રતિવાદી દવારા નોંધ કરવામાં આવેલ છે કે વાદીનું વીજ સ્થાપનમાં આશરે દોઢ મહીનાથી વીજ વપરાશ બંધ હતી.

૪.૨ ૪.૦ અને ૪.૧ ને ધ્યાનમાં રાખી એવું કહી શકાય કે વાદીનાં વીજ સ્થાપન પર વીજ વપરાશ તા.૦૫/૦૬/૧૭ થી અગાઉનાં દોઢ માસ પહેલા થી અગાઉ કોઈ વીજ વપરાશ ન હતી એટલે કે આશરે તા.૧૮/૦૪/૧૭ થી તા.૦૫/૦૬/૧૭ સુધીનાં વાદીનાં વીજ સ્થાપન પર કોઈ વીજ વપરાશ હતી નહી. તેમજ વાદીનાં વીજ સ્થાપનનાં ડીસે–૧૬, જાન્યુ–૧૭ અને ફેબ્રુ–૧૭ નાં વીજ વપરાશનાં આંકડાઓ જોતાં તેવું જણાય છે કે તા.૧૪/૦૨/૧૭ થી તા.૧૮/૦૪/૧૭ સુધી વાદીના વીજ સ્થાપન પર વીજ વપરાશ થતો હોવો જોઈએ અને મીટરમાં તે વીજ વપરશની નોંધ થતી ન હતી માટે પ્રતિવાદીએ વાદીને માર્ચ બીલ્ડ ઈન એપ્રિલ–૧૭ અને એપ્રિલ બીલ્ડ ઈન મે–૧૭ નાં વીજ વપરાશનાં નોંધાયેલ '0' વપરાશ માટે બંધ મીટર સામે એવરેજ યુનિટની વપરાશનું વીજબીલ આપવું જોઈએ તે પ્રમાણે પ્રતિવાદી એક માસની ૧૪૬૮ એવરેજ વીજ યુનિટ પ્રમાણે બે માસનું ૨૯૩૬ યુનિટનું બીલ વસુલવા હકકદાર છે.

૪.૩ પ્રતિવાદીએ વાદીને આપેલ ૪૪૦૪ યુનિટની એવરેજ વપરાશનું પુરવણી બલ રદ કરવું અને ૪.૨ મુજબ ૨૯૩૬ યુનિટનું એવરેજ વપરાશનું બીલ વાદીને આપવું, જે વાદીએ ભરવાપાત્ર છે.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૪.૩ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એચ. માવાણી)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :–૦૭.૦૧.૨૦૧૯

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.